# આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે ઔષધીય ઉકાળાનુ વિતરણ

આજે સમગ્ર દેશ અને દુનિયા કોવિડ-૧૯ એટલે કે કોરોના વાયરસના કારણે મહામારીનો સામનો કરી રહેલ છે. આવા કપરા સમયમાં દરેક વ્યક્તિઓએ પોતાની રોગપ્રતિકારકશક્તિ વધારવા માટેના પ્રયત્નો કરવા જોઈએ. આ બાબત ધ્યાને રાખી માન.કુલપતિશ્રી, ડૉ. આર. વી. વ્યાસની પ્રેરણાથી , આણંદ કૃષિ યુનિવર્સિટી , આણંદ ખાતેની તમામ કચેરીના વૈજ્ઞાનિકો, અધિકારીઓ, કર્મચારીઓ, યુનિવર્સિટીના વસાહતીઓ અને અલગ-અલગ વિભાગો ખાતે કામ કરતા ખેત શ્રમીકોની રોગપ્રતિકારક શક્તિ વધે તેવા શુભ આશયથી આયુષ મંત્રાલય , ભારત સરકારની વેબસાઈટ ઉપર દર્શાવેલ પદ્ધતિને અનુસરીને તા.૦૯/૦૬/૨૦૨૦ અને તા.૧૦/૦૬/૨૦૨૦ ના રોજ નિયામકશ્રી , વિદ્યાર્થી કલ્યાણની કચેરી હેઠળના હેલ્થ સેન્ટર તેમજ ઔષધિય અને સુગંધિત પાક સંશોધન કેન્દ્ર , આણંદ કૃષિ યુનિવર્સિટી , આણંદના સહયોગથી ઔષધિય ઉકાળાનું વિતરણ કરવામાં આવેલ , જેનો કુલ ૧૫૦૦ થી પણ વધુ કર્મચારીઓ, અધિકારીઓ, વસાહતીઓ અને ખેત શ્રમીકોએ લાભ લીધેલ હતો. ઔષધિય ઉકાળો તૈયાર કરવાનું આયોજન તેમજ વિતરણ કરવાની સમગ્ર કામગીરી ઔષધિય અને સુગંધિત પાક સંશોધન કેન્દ્રના સંશોધન વૈજ્ઞાનિક , ડૉ. એચ.એલ. ધડુક દ્વારા સફળતાપૂર્વક હાથ ધરવામાં આવેલ હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. દિનેશ. એચ. પટેલ., નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



